ગાંધીનગર સમાચાર

પ્રજાસત્તાક દિને શહેરમાં 'યુથરન' યોજાશે

## @ગાંધીનગર

● એન.એસ.ડી.એલ તથા એ.એસ.ઈ. કેપીટલ માર્કેટસ દ્વારા સે-૧૭, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે સવારે ૯.૪૫ કલાકે રોકાણકાર જાગૃતિ સેમિનાર યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન સે-૩-સીના શકિત ચોક મંદિર ખાતે મંજુલાબેન રાવલ તરફથી આનંદના ગરબા યોજાશે.

● સે-૭ સ્થિત સરકારી આયુર્વેદ દવાખાના ખાતે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન ડાયાબિટીસ કેમ્પ તથા નિદાન કેમ્પ યોજાશે.

● વિશ્વા મૈત્રીધામ બોરીજ જૈન તીર્થ ખાતે શુક્રવારના રોજ સવારે ૯.૧૫ કલાકે અર્હદ મહાપૂજનનો પ્રારંભ તેમજ રાત્રે ૮.૦૦ કલાકે પ્રભુભકિતનો કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# બોરીજ ગામને દબાણનો અજગરી ભરડો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ઠ બોરીજ ગામ દબાણમાં ગરકાવ થઈ ગયું છે. ગામનું દબાણ એટલી હદે વધી જવા પામ્યું છે કે રાજયના મુખ્યમંત્રીના બંગલાની કંમ્પાઉન્ડવોલને પણ અડી જવા આવ્યું છે. તંત્ર સમક્ષ ગ્રામજનોએ અનેકવાર લેખીત રજુઆત કરી છે, છતા હજુ સુધી કોઈ નીવેડો આવ્યો નથી. તંત્રના અધિકારઓ ભેદી મૌન ધારણ કરીને બેઠા હોય તેવું ગામલોકોને લાગી રહ્યું છે. વર્ષો પહેલાનું ૧૫૦ જેટલા ઘરોનું બોરીજ ગામમાં અત્યારે હાલ અંદાજીત ૧૫૦૦ થી પણ વધુ મકાનો ધરાવે છે. દબાણની જગ્યાના પણ વહીવટદારો લાખો રુપીયા પડાવતા હોવાનું ગ્રામજનોમાં ચર્ચાઈ રહ્યું છે. ગાંધીનગરમાં જ દબાણની આ પરિસ્થિત ઉભી થવા પામી છે તો અન્ય શહેરોની શું હાલત હશે...!

ગુજરાત રાજય વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. ત્યારે વિકાસની સાથે દબાણનો વિષય પણ એટલો પેચીદો બની જવા પામ્યો છે. ગાંધીનગરમાં તો માર્ગો પર લારી-ગલ્લાના દબાણો નજરે પડે છે. તંત્રના અધિકારીઓના માથાનો દુખાવા સમાન દબાણને તાજેતરમાં જ ઝુંબેશ યોજીને દુર કરવામાં આવ્યા હતા. પરંતુ રાજયના પાટનગર ગાંધીનગરમાં જ દબાણકારોએ અડ્ડો જમાવી દીધો છે. શહેરની સાથે સાથે નગરમાં સમાવિષ્ઠ ગામોની હાલત પણ અત્યારે હાલ દયનીય બનવા પામી



(તસવીર : કશ્યપ નિમાવત)

**ગામમાં અસંખ્ય દબાણથી ગ્રામજનો પણ ત્રાહીમામ**

છે. મંત્રી નિવાસને અડીને આવેલા બોરીજ ગામમાં દબાણમાં એટલી હદે વધી ગયું છે. તંત્ર દ્વારા બ્રેક નહી લગાવાય તો મંત્રીઓના બંગલાઓની કંમ્પાઉન્ડ વોલને અડી જવા આવ્યું છે. રાજયની પ્રજાના હિત માટે જયાં કાયદા ઘડાય છે અને પાલન કરવાના આદેશો કરવામાં આવે છે ત્યાં જ આ પરિસ્થિત ઉભી થવા પામી છે. ગામના રહિશોને પોતાના બાળકોના મકાન માટે ગામતળની જમીન બચી નથી. તંત્રની રહેમનજર હેઠળ વહીવટદારો બેફામ બનીને દબાણી જગ્યાનો પણ લાખો રુપીયાનો વહીવટ કરી નાંખે છે. બોરીજ ગામમાં વહીવટદારો બેફામ બનીને દબાણની જગ્યાના લાખો રુપીયા લોકો પાસેથી ખંખેરી રહ્યા છે. ઘરનું ઘર ઈચ્છતા શ્રમજીવી પરિવારના નિર્દોષ નગરજનો ઓછા રુપીયામાં પ્લોટ મળતો હોવાની લાલચમાં વહીવટદારોની ચુંગાલમાં ફસાઈ ગયા છે અને ફસાઈ રહ્યા છે. બોરીજ ગામને દબાણે અજગરી ભરડો લીધો છે. ગાંધીનગરમાં સમાવિષ્ઠ અન્ય ગામોની પણ આ હાલત છે. તંત્ર સમક્ષ અનેકવાર લેખીત રજુઆતો ગ્રામજનો કરી ચુક્યા છે પરંતુ હજુ સુધી યોગ્ય નિકાલ આવ્યો નથી તેવું ગામલોકો કહી રહ્યા છે. ગામમાં દબાણ રોકેટગતિએ વધતા ચિંતાનો વિષય બન્યો છે. દબાણ એટલી હદે વધી જવા પામ્યું છે કે મંત્રી નિવાસની કંમ્પાઉન્ટ વોલ પણ સામાન્ય દુર રહેવા પામી છે. બોરીજ ગામનું દબાણ તંત્ર દ્વારા ઝડપી દુર થાય તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડમાં દર્દીના સગાઓને વારંવાર દવા કે અન્ય ચીજવસ્તુઓની જરૂરિયાત પડે તેથી આવન જાવન કરવું પડે છે જો દર વખતે પાર્કિંગ લોટમાં વાહન મૂકે તો સારો એવો પાર્કિંગ ચાર્જ ભોગવવો પડે છે અને બહાર મુકે તો પોલીસ હવા કાઢી નાંખે છે તેથી સિવિલમાં તો પાર્કિંગ સેવા ફ્રી હોવી જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

● સિવિલ હોસ્પિટલનો પાર્કિંગ લોટ ચાર્જેબલ હોવા છતાં તેમાંથી વાહનચોરીના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. આ વાહનચોરીની ઘટનાઓના પગલે ધારાસભ્ય અશોકભાઈ પટેલ દ્વારા કલેકટરને પત્ર લખી સિવિલના ગેટ પર સીસીટીવી કેમેરા મુકવાની માંગણી કરવામાં આવનાર છે.

● ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા તમામ સેકટરોમાં નવા બાંકડા મુકવામાં આવી રહ્યાં છે જો કે આ નવા બાંકડા આજે મુકાય અને કાલે તુટી જાય તેવી ગુણવત્તાના હોવાનો નગરજનોનો મત જાણવા મળી રહ્યો છે.

● હાલ નગરમાં રાત્રિના સમયે સ્પીકર્સ વગાડવા બાબતે પોલીસ કાર્યવાહીમાં વધારો થવા પામ્યો છે. શહેરમાં ચાલી રહેલ લગ્નની મૌસમમાં પોલીસે હાથ ધરેલ આ કાર્યવાહીથી મોંઘા ખર્ચા કરી ડીજે-રાસ ગરબા યોજી રહેલા લગ્ન સમારંભોના આયોજકો સહિત નગરજનોમાં પોલીસ પ્રત્યે રોષની લાગણી પ્રવર્તી રહી છે.

● શહેરમાં ધીમે ધીમે ઠંડી તેની પકડ વધુ જમાવતી જાય છે જો કે ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતો ઘઉંના પાકની ગુણવત્તા માટે હજુ પણ ઠંડી ઓછી પડી રહી હોવાનું માની રહ્યા છે. આગામી દિવસોમાં ઠંડી વધુ પડશે તેવી ખેડૂતો આશા સેવી રહ્યા છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# શહેરની પોસ્ટ ઓફિસોમાં ગ્રાહકોને પડતી મુશ્કેલીઓમાં વધારો

**સીબીએસ સીસ્ટમથી હજુ કર્મચારીઓ ટેવાયા ના હોવાથી કાર્યમાં વિલંબની ફરિયાદો : સે-૭માં ગ્રાહકોની ભીડ વધુ રહેતી હોવાથી મહિલાઓ માટે અલગ લાઈન કરવા માંગ**

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરની પોસ્ટ ઓફિસોમાં છેલ્લા કેટલાક દિવસથી સીબીએસ સીસ્ટમનું ઈમ્પિલીમેન્ટ કરવામાં આવ્યું છે. આ કાર્યના કારણે હાલ લગભગ તમામ પોસ્ટ ઓફિસોમાં કામકાજો અટવાયા છે જેના કારણે ગ્રાહકોને ખાસ કરીને વરીષ્ઠ પેન્શનર્સને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. વળી સે-૭ની પોસ્ટ ઓફિસમાં નિયમિત પણે કાર્યભાર વધુ રહે છે જેના કારણે અહીં ગ્રાહકોની ભીડભાડ પણ વધુ પ્રમાણમાં રહે છે. આ કારણે આ પોસ્ટ ઓફિસમાં મહિલાઓ માટે અલગ લાઈનની વ્યવસ્થા કરવામાં આવે તેવી ગ્રાહકોમાં માંગ ઉઠવા પામી છે.

છેલ્લા કેટલાક દિવસથી ગાંધીનગરની પોસ્ટ ઓફિસોમાં ઉભી થયેલી પરિસ્થિતિને કારણે ગ્રાહકોમાં ભારે અસંતોષની લાગણી પ્રવર્તી રહી છે. સીબીએસ સીસ્ટમ, આમ તો કાર્યપધ્ધતિને ઝડપી બનાવવા માટે દાખલ કરવામાં આવી છે, પરંતુ હાલ આ સીસ્ટમના ઈમ્પિલીમેન્ટેશનના કારણે ગ્રાહકોને જ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પોસ્ટના કર્મચારીઓને નવી સીસ્ટમ હોવાથી હજુ કામ કરવામાં ઝડપ આવી શકતી ના હોવાના કારણે આ મુશ્કેલી સર્જાતી હોય તેવું જણાય છે. સે-૨૪ની પોસ્ટ ઓફિસમાં એક સપ્તાહથી ગ્રાહકોનો ધસારો વધવા પામ્યો છે. અહીં કેટલાક ગ્રાહકોની થાપણો માસના પહેલા સપ્તાહમાં પાકતી હતી જેના નાણાં મળવામાં વિલંભ ઉભો થતા ગ્રાહકોમાં અસંતોષ વ્યાપ્યો છે. વળી પાકી ગયેલ થાપણોના નાણાં વિલંબથી મળવા છતાં ઉપરના દિવસોનું વ્યાજ પણ ચુકવવામાં આવતું ના હોવાથી ગ્રાહકોને વ્યાજ ખાદ્ય ભોગવવાનો વારો આવતા વધુ રોષ ફેલાવા પામી રહ્યો છે.

સે-૭ પોસ્ટ ઓફિસમાં સવારથી જ ગ્રાહકોનો ભારે ધસારો જોવા મળે છે. આ કારણે અહીં ઘણીવાર અફડાતફડીનો માહોલ સર્જાય છે અને કર્મચારીઓ સાથે ગ્રાહકોને ઉગ્ર બોલાચાલીના બનાવો સર્જાય છે. અહીં કેટલાક નિયમિત ગ્રાહકોનું માનવું છે કે જો મહિલા ગ્રાહકોની અલગ લાઈન કરાવવામાં આવે તો સમસ્યામાં રાહત મળી શકે તેમ છે અને મહિલાઓને પણ સહુલિયત રહે. આ બાબતે કેટલાક ગ્રાહકોએ કર્મચારીઓને સૂચન પણ કર્યું છતાં તે અંગે કોઈ પગલા લેવાયા નથી. અત્રે ઉલ્લેખનીય છે કે પોસ્ટના ગ્રાહકોમાં સૌથી મોટી સંખ્યા વરિષ્ઠ પેન્શનર્સની હોય છે જેમના માટે કામમાં થતો વિલંબ અને લાંબા સમય સુધી લાઈનોમાં ઉભા રહેવું ભારે મુશ્કેલીપૂર્ણ બની રહે છે.

## ચૌધરી ગર્લ્સ બીસીએ કોલેજ દ્વારા ડેઝની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૧

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલીત ચૌધરી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન (બીસીએ પ્રોગ્રામ)માં વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને અવારનવાર સહ અધ્યયન પ્રવૃત્તિઓ યોજાતી હોય છે. આ પ્રવૃત્તિઓ અંતર્ગત આજ રોજ ડેઝનું સેલીબ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓએ મીસમેચ અને સિગ્નેચર ડેની ઉજવણી કરી તથા ગ્લોબલ વોર્મિંગ ઉપર સંદેશ આપતા પોસ્ટરો તૈયાર કર્યા હતા.

આ કાર્યક્રમનું આયોજન ડાયરેકટર પ્રશાંત વાઘેલાના માર્ગદર્શન હેઠળ કોલેજના અધ્યાપિકા ભૂમિકા ચૌધરી અને રચના ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

**સ્પીકર્સ કોન્ફરન્સને પગલે**

## એરપોર્ટ-ગાંધીનગર રૂટ પરનાં લારી ગલ્લાઓ હટાવાઈ દેવાયા

**નીફટ પાસે એક ગલ્લાધારક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો**

ગાંધીનગર, તા.૨૧

સ્પીકર્સ કોન્ફરન્સને પગલે ગાંધીનગરમાં લોકસભાના મુખ્ય સ્પીકરથી લઈને તમામ રાજયો-કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાના સ્પીકર્સ આવનાર છે. તમામ વીવીઆઈપી એરપોર્ટ-ગાંધીનગર રૂટ પરથી વિધાનસભા ગાંધીનગર ખાતે પહોંચશે. જેને પગલે આ રૂટ પર ઉભા રહેતા તમામ લારી ગલ્લા ધારકોને રૂટ પરથી તગેડી મુકવામાં આવ્યા છે. અને રૂટ પર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તો બીજી તરફ રીલાયન્સ ચોકડીથી ઘ-૦ જતા માર્ગ પર નીફટ નજીક એક ગલ્લાના માલિક સામે ઈન્ફોસીટી પોલીસે કલમ ૨૮૩ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



કડી સર્વ વિશ્વ વિદ્યાલય, વિશ્વ ગ્રામ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ અને ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે વૈશ્વિક ખ્યાતિ પ્રાપ્ત શબનમ વીરમાણી તથા વિપુલ રિખિના કંઠે કબીર-ગાન કાર્યક્રમનું આયોજન સે-૨૩માં આવેલ કડી કેમ્પસના હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના પૂર્વ સચિવ પ્રવિણ લહેરી, વિશ્વ ગ્રામના સંજયભાઈ, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના રજીસ્ટ્રાર એસ.કે. મંત્રાલા, એમબીએ વિભાગના ડાયરેકટર ભાવિન પંડયા સહિત સિનિયર સિટિઝન્સના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## એમ.બી. પટેલ શાળાની ધો-૬ની વિદ્યાર્થીનીઓએ હેડ પોસ્ટ ઓફીસની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૬ની વિદ્યાર્થીનીઓએ શાળામાં ચાલતી સહ અભ્યાસ પ્રવૃત્તિ અંતર્ગત હેડ પોસ્ટ ઓફીસની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. જેમાં ૨૫૦થી વધુ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ મુલાકાત દરમિયાન પોસ્ટ માસ્તર કિરીટભાઈ પટેલ અને જયેશભાઈ પટેલે તમામ વિદ્યાર્થીનીઓને આવકારી પોસ્ટ ઓફિસની કામગીરી અંગે માહિતી પુરી પાડી હતી. જેમાં ટીકીટ, રેવન્યુ, સ્ટેમ્પ, બચતપત્રો સહિતની સમજૂતી આપવામાં આવી હતી. પોસ્ટ ઓફીસના કર્મચારી નીતાબેન ઝાલા દ્વારા દરેક વિદ્યાર્થીનીઓને ચોકલેટ વિતરણ કરાઈ હતી. આ મુલાકાતમાં વિદ્યાર્થીનીઓ સાથે તેમના વર્ગ શિક્ષક પિંકલબેન, સ્મિતાબેન, સુધાબેન, દક્ષાબેન તથા પ્રવિણભાઈ જોડાયા હતા. શાળાના આચાર્યા નીરૂબેન પટેલે પોસ્ટ ઓફિસના કર્મચારીઓનો આભાર વ્યકત કર્યો હતો તેમજ શાળાના શિક્ષકોને ધન્યવાદ પાઠવ્યા હતા.

## સ્વ. બાબુભાઈ ચૌહાણને આર.જી. કન્યા શાળાની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૨૧

સર્વવિદ્યાલય કેળવણી મંડળ કડી, ગાંધીનગર શાખા સંચાલિત શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે શાળાની તમામ વિદ્યાર્થિનીઓ, આચાર્યા, શિક્ષકો, બિનશૈક્ષણિક કર્મચારીગણ અને કેમ્પસના પ્રતિષ્ઠિતોની હાજરીમાં શાળાના સામાન્ય પ્રવાહના કોમર્સ વિભાગમાં ઉ.મા. મદદનીશ શિક્ષક તરીકે ૧૯૯૩ થી સેવા બજાવતા સ્વ. બાબુભાઈ એ. ચૌહાણનું ગત તા. ૧૭મી જાન્યુઆરીને રવિવારના રોજ આકસ્મિક નિધન થતા દિવંગતના આત્માને શાંતિ મળે અને તેમના પરિવારજનોને આ કારમો ઘા સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ અર્પે તેવા આશયથી સવારે ૯.૦૦ કલાકે શાળાના મેદાનમાં શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોકસભા દરમિયાન ભજન, શાંતીપાઠ, મંત્રોચ્ચાર અને દત્તબાવની દ્વારા પરમતત્વની આરાધના કરવામાં આવી હતી. શાળાના શિક્ષકો દ્વારા પ્રસંગોચિત ભજન રજુ કર્યા હતા. આ દુઃખદ પ્રસંગે ઉપસ્થિત શાળાના ભૂતપૂર્વ આચાર્યા અને કેમ્પસ સ્થિત કન્યા હોસ્ટેલના સુપ્રિટેન્ડન્ટ કૌશલ્યાબેન પરીખે ગદગદ કંઠે સ્વ. બાબુભાઈને ભાવાંજલી અર્પતા જણાવ્યું કે, સ્વર્ગસ્થના અવસાનથી શાળાને ન પુરી શકાય તેવી ખોટ પડી છે. શાળાએ તેનો એક ચમકતો સિતારો ગુમાવ્યો છે. તેમણે લાગણીશીલ હૃદયે જણાવ્યું કે, આજે મને એવું લાગે છે કે મેં જાણે મારો દીકરો ગુમાવ્યો છે. બહેનના આ ઉદ્ગારોએ સમગ્ર વાતાવરણને ગમગીન બનાવી દીધુ હતુ. કેમ્પસ ડાયરેકટર સોમાભાઈ પટેલે સ્વ.ના આત્માને શાંતિ મળે તે માટે પરમકૃપાળુ પરમાત્માની સ્તુતી કરી હતી. આર.સી. શાળાના પ્રવિણભાઈ પટેલે પણ દિવંગતનો દિવ્યાત્મા પંચમહાભૂતમાં વિલિન થાય અને તેમના આત્માને સૃષ્ટિની દિવ્ય ચેતના શાંતિ અર્પે તે માટે મંત્રોચ્ચાર દ્વારા ભાવાંજલી અર્પી હતી.આ ઉપરાંત શાળાના આચાર્યા સુધાબેન પટેલ, સુપરવાઈઝરો, શિક્ષકો અને બિન શૈક્ષણિક કર્મચારીગણ, હોસ્ટેલની ગૃહમાતાઓ, કન્યા શાળાના આચાર્ય સમગ્ર કેમ્પસ સ્ટાફે દિવંગતને અંતઃકરણપૂર્વક ભાવાંજલી અર્પી હતી.



તાજેતરમાં ગાંધીનગર પબ્લિક સ્કૂલ ખાતે તાલુકા કક્ષની ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કુલમાં તાલુકા કક્ષાની અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૩, અંડર-૧૬, એબવ-૧૬, એબવ-૪૫, એબવ-૬૦ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગાંધીનગર તાલુકાના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ચેસ સ્પર્ધામાં ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલની ખુશાલી સોની અંડર ૧૧માં બીજો ક્રમાંક, ટવીંકલ ખાંટ અંડર ૧૧માં ત્રીજો ક્રમાંક તેમજ ભૂમિકા સોની અંડર-૧૬માં ત્રીજો ક્રમાંક મેળવી વિજેતા બની હતી. વિજેતા ખેલાડીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## સિવિલમાં ૩ મહિનાથી કાડીયાર્ક મશીન બંધ : દર્દીઓ પરેશાન

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પીટલમાં છેલ્લા ત્રણ માસથી વધુ સમયથી હાર્ટના દર્દી માટે અતિ ઉપયોગી કાર્ડીયાર્ક મશીન બંધ હાલતમાં છે. હાર્ટના દર્દીઓને ના છુટકે આ ટેસ્ટ માટે ખાનગી હોસ્પીટલમાં જવું પડે છે. કાર્ડીયાર્ક મશીન ઝડપી કાર્યરત થાય તેવું સિવિલમાં આવતા દર્દીઓ ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પીટલ જિલ્લાના દર્દીઓ માટે આર્શીવાદ કે અભિશાપ સાબિત થઈ રહી છે તે કોઈ કહી શકતું નથી. ગાંધીનગર સિવિલ હોસ્પીટલ મેડીકલ કોલેજ બનતા ૬૦૦ પથારીની બનવા પામી છે. પરંતુ દર્દીઓને મળતી સુવિધામાં કોઈ ફેર પડતો નથી. સિવિલનું તંત્ર દિવસે ને દિવસે કથળી રહ્યું છે. સિવિલના સતાધિશો એકબીજાને ખો આપવાની નિતી અપનાવી રહ્યા છે. હોસ્પિટલ જીલ્લાકક્ષાની દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે મોટી સંખ્યામાં આવી રહ્યા છે. હોસ્પીટલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે ત્યારે એન.એ.બી.એચ પ્રમાણીત હોસ્પિટલમાં જુના પ્રશ્નોનું નિરાકરણ આવતું નથી ત્યાં રોજ નવા પ્રશ્નો ઉભા રહેતા અધિકારીઓ પણ માંથા ખંજવાળતા હોય છે. ગાંધીનગર સિવિલમાં હાર્ટના દર્દીઓ પણ મોટી સંખ્યામાં આવે છે ડૉકટર દ્વારા ઈસીજી તેમજ સીપીકે એમ.બી ટેસ્ટ એટલેકે કાર્ડીયાર્કનો ટેસ્ટ કરાવામાં આવે છે જેથી દર્દીને ટેસ્ટનો રિપોર્ટ જોઈ યોગ્ય સારવાર મળી રહે. પરંતુ સિવિલમાં કાર્ડીયાર્કનો ટેસ્ટ પહેલા થતો હતો પરંતુ છેલ્લા ત્રણ મહિનાથી મશીન બંધ હોવાથી દર્દીઓને ટેસ્ટ માટે ખાનગી હોસ્પીટલમાં જવાનો વારો આવે છે. ગાંધીનગર સિવિલ માં આઠ માળની નવી બિલ્ડીંગ અને પાંચ માળની ઓપીડી વિભાગ નવિન બનાવવામાં આવ્યો છે. પરંતુ મોટાભાગની મશીનરી બંધ રહેતી હોવાથી સિવિલમાં આવતા દર્દીઓને તો સરકારી માં આવી જ હોય વ્યવસ્થા તેવું લાગી રહ્યું છે.સરકાર દ્વારા દર્દીઓને સારી સારવાર મળી રહે તેના પ્રયત્નો રાજયભરમાં ચાલી રહ્યા છે ત્યારે ગાંધીનગરમાં જ સિવિલમાં મળતી સુવિધાથી દર્દીઓ હેરાન છે. હાર્ટના દર્દીઓ કાર્ડીયાર્ક મશીન જલ્દી શરુ થાય તેવું ઈચ્છી રહ્યા છે.

# પ્રજાસત્તાક દિને શહેરમાં 'યુથરન' યોજાશે

**ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટ દ્વારા મનપાના સહયોગથી ૭ કિમીના યુથરનનું આયોજન : તા. ૩૧મી જાન્યુઆરીએ રનર્સ ગૃપ આયોજિત હાફ મેરેથન યોજાવાની હોઈ એક જ સપ્તાહમાં બે વાર 'દોડશે ગાંધીનગર'**




ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તારમાં આવેલ ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી દ્વારા મહાનગરપાલિકાના સહયોગથી તા. ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિને ૭ કિમીના 'યુથરન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ યુથરનનો ઉદ્દેશ મહિલા સશકિતકરણ અને સ્વચ્છ ગાંધીનગર અંગે નાગરિકોમાં જાગૃતિ ફેલાવાનો રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં રનર્સ ગૃપ દ્વારા પણ તા. ૩૧મી જાન્યુઆરીએ 'હાફ મેરેથન'નું આયોજન કરવામાં આવ્યુ છે. આમ એક જ સપ્તાહમાં ગાંધીનગરના નગરજનો બે વાર દોડશે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટ-ડીએઆઈઆઈસીટી દ્વારા આયોજિત યુથરનમાં મુખ્ય મહેમાન પદે ગાંધીનગર મનપાના મેયર હંસાબેન મોદી ઉપસ્થિત રહેશે. પ્રજાસત્તાક દિને યોજાનાર યુથરનનો સવારે ૬.૩૦ કલાકે ડીએઆઈઆઈસીટી ખાતેથી પ્રારંભ થશે જે ઘ રોડ પર ઘ-૩ પથિકાશ્રમ સર્કલ થઈ અંદાજે ૧૦.૩૦ કલાકે પરત ફરશે. આ યુથરનના વિજેતાઓને મેયરના હસ્તે ઈનામો આપી નવાજવામાં આવશે. યુથ રનના અંતે તમામ દોડવીરો માટે સંસ્થા તરફથી ચા-નાસ્તાની સગવડ કરવામાં આવશે. યુથરનના આયોજન માટે ડીએઆઈઆઈસીટીને ફિનિકસ કંપનીનો સહયોગ પ્રાપ્ત થયો છે. સમાજના હિત અંગેના વિષયોમાં જાગૃતિ આણવા યુથરનનું આયોજન એ ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટયુટના વિદ્યાર્થીઓની એક અનોખી નવતર પહેલ બની રહેશે. સમગ્ર યુથરનનું સંચાલન આ યુવા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવનાર છે.

## લિંબોદરા હાઈસ્કૂલમાં આર.ઓ. પ્લાન્ટનું ઉદઘાટન

માણસા તાલુકાના લિંબોદરા સ્થિત ઈશ્વરિસંહજી શિવાજી ચાવડા હાઈસ્કૂલમાં ઓ.એન.જી.સી. પ્રોજેકટ મહેસાણાના સહયોગથી બનાવેલ આર.ઓ. મિનરલ વોટર પ્લાન્ટનો ઉદઘાટન સમારોહ યોજાશે. હાઈસ્કૂલના સાંસ્કૃતિક હોલ ખાતે તા. ૨૨મી જાન્યુઆરીને શુક્રવારના રોજ સવારે ૧૧ કલાકે ઉદઘાટનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે એમ.કે. બાસુ, ઉદઘાટક તરીકે હસમુખલાલ જમનાદાસ શાહ તેમજ સંસ્થાના પ્રમુખ ઈશ્વરસિંહજી શિવાજી ચાવડા ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં શાળા પરિવારને હાજર રહેવા રણજીતસિંહ બારડે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. વિહાજી પ્રતાપજી ચાવડા, ઉ.વ. ૭૪
- સ્વ. નટવરલાલ લીલાચંદ મિસ્ત્રી, ઉ.વ. ૬૮
- સ્વ. શાંતાબેન ભાઈલાલભાઈ ગેલોત, ઉ.વ. ૮૪
- સ્વ. ભાવનાબેન કાનજીભાઈ બારોટ, ઉ.વ. ૪૭
- સ્વ. દશરથભાઈ મોહનભાઈ સથવારા, ઉ.વ. ૬૮
- સ્વ. કલ્પનાબેન વસંતકુમાર શાહ, ઉ.વપ. ૩૭
- સ્વ. હંસાબેન રમેશભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૪૭
- સ્વ. જયંતિભાઈ ડાહ્યાભાઈ પટેલ, ઉ.વ. ૫૮